# ભિલોડા તાલુકાના વાંકાનેર ગામની વાંકાનેર ગ્રુપ ગ્રામ પંચાયતનું ૬૦ વર્ષ જુનું મકાન જર્જરિત અવસ્થામાં

## સત્વરે નવિન બનાવવા સંદર્ભે લેખિતમાં રજૂઆત




ભિલોડા, તા.૦૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામની વાંકાનેર ગ્રુપ ગ્રામ પંચાયતનું ૬૦ વર્ષ જુનું મકાન જર્જરિત અવસ્થામાં હોય સત્વરે નવિન અધતન મકાન બનાવવા સંદર્ભે લેખિતમાં રજૂઆત કરાઈ છે.વાંકાનેર ગ્રુપ ગ્રામ પંચાયતમાં વિવિધ પ્રકારના કામકાજ અર્થે આવતા અરજદારો હેરાન પરેશાન થઈ રહ્યા છે.વર્ષો જુનું મકાન જર્જરિત અવસ્થા હોય ત્યારે પોપળા ઉખળી રહ્યા છે.વાંકાનેર ગ્રુપ ગ્રામ પંચાયતના સ્ટાફ અને અરજદારો પર કયારેક-કયારેક સિમેન્ટના પોપળા ધડધડ સીલીંગ પરથી પડતા હોય છે.ચોમાસા દરમિયાન વરસાદી પાણી ટપકતું હોય સરકારી રેકર્ડ પણ બગડતું હોય છે.વર્ષો જુનું મકાન જર્જરિત હોય ગમે ત્યારે ધારાશાયી થાય તેવી ભીતિ જાગૃત ગ્રામજનોએ વ્યક્ત કરી હતી.

વાંકાનેર ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ વિનોદભાઈ એ. બરંડા ( એડવોકેટ ) એ જણાવ્યું હતું કે અંદાજીત ૬૦ વર્ષ જુનું મકાન જર્જરિત અવસ્થા હોય નવિન અધતન મકાન બનાવવા માટે તાલુકા પંચાયત,જીલ્લા પંચાયતમાં દરખાસ્ત તૈયાર કરીને મોકલાવેલ છે.

વાંકાનેર ગ્રુપ ગ્રામ પંચાયતનું વર્ષો જુનું મકાન જર્જરિત અવસ્થામાં હોય ત્યારે સત્વરે અધતન નવિન મકાન બનાવવામાં આવે તેવી આશા ગ્રામજનો રાખી રહ્યા છે.

### મંત્રી કિર્તીસિંહ વાઘેલાના હસ્તે કાંકરેજ તાલુકાના રૂની નવા ખાતે

# પંચાયત ઘર તથા જાખેલ, ખસા અને ફતેગઢ ખાતે આંગણવાડીનું ખાતમૂહૂર્ત કરાયું

## નવી શિક્ષણ નીતિના અમલીકરણથી સંસ્કારયુક્ત શિક્ષણ વડે શિક્ષિત અને સમૃધ્ધ રાષ્ટ્રનું નિર્માણ થશે : મંત્રી કિર્તીસિંહ વાઘેલા

પાલનપુર તા. ૫

બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલાના હસ્તે કાંકરેજ તાલુકાના રૂનીનવા ખાતે પંચાયત ઘર તથા જાખેલ, ખસા અને ફતેગઢ ખાતે આંગણવાડીના મકાનનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું હતુ. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

આ પ્રસંગે મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં શરૂ થયેલી વિકાસયાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર તેજ ગતિથી આગળ વધારી રહી છે. તેમણે કહ્યું કે, ગામડાના લોકોને પોતાના ગામમાં જ સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે ગ્રામ સચિવાલય નામ આપી ગામડાઓને ઈન્ટરનેટ કનેક્ટીવીટીથી જોડવામાં આવ્યા છે. ગામ લોકોને સુવિધાઓ પુરી પાડવા સરકારી સેવાઓનું ડિઝીટાલાઈઝેશન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જે ગતિથી દેશનો વિકાસ થઈ રહ્યો છે તેવી જ રીતે ગામડાઓના સર્વાંગી વિકાસ માટે પણ આ સરકાર સંકલ્પબધ્ધ છે.

મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલાએ ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું કે, આજથી ૨૦ વર્ષ પહેલાં આપણા ગામડાઓની કેવી સ્થિતિ હતી તે આપણે સૌએ જોઈ છે. આપણી પાસે ખેતીની જમીન હોવા છતાં સિંચાઈના પાણીની સુવિધાના અભાવે ગુજરાન ચલાવવા મજુરી કરવા બહાર જવું પડતું હતુ. આપણી સરકારે આ વિસ્તારમાં નર્મદાના નીર પહોંચાડી અહીંની કાયાપલટ કરી છે. સિંચાઈ માટે નર્મદાનું પાણી અને ૨૪ કલાક વીજળીની સુવિધા મળતા ખેડુતોના ખેતરોમાં હરીયાળી પથરાવાથી તેમની સુખ-સમૃધ્ધિમાં વધારો થયો છે. લોકોની સુખાકારીમાં વધારો થતા તેઓ બાળકોને સારું શિક્ષણ અપાવતા થયા છે જે સરકારની નીતિઓને આભારી છે તેમ તેમણે જણાવ્યું હતુ.



મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલાએ શિક્ષણ પર ભાર મુકતા જણાવ્યું કે, ૨૧ સદી જ્ઞાન- વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. આ સમયમાં બાળકોને શિક્ષણ અપાવવું ખુબ જ જરૂરી છે. પ્રાચીન ભારતમાં દેશ- વિદેશના લોકો આપણી તક્ષશિલા અને નાલંદા જેવી વિશ્વવિધાલયમાં શિક્ષણ મેળવવા આવતા હતા. આપણી ઋષિ પરંપરામાં પણ ગુરૂજીઓના આશ્રમમાં શિક્ષણ આપવામાં આવતુ હતુ. નવી શિક્ષણ નીતિના અમલથી આંગણવાડીના બાળકોને પાયાનું શિક્ષણ આપી ભવ્ય ભારતના નિર્માણ માટે સરકાર કટિબદ્ધ છે. તેમણે કહ્યું કે, કોઈપણ સમસ્યાનો ઉકેલ શિક્ષણથી જ આવી શકે છે. નવી શિક્ષણ નીતિના અમલીકરણથી સંસ્કારયુક્ત શિક્ષણ વડે શિક્ષિત અને સમૃધ્ધ રાષ્ટ્રનું નિર્માણ થશે. તેમણે કહ્યું કે, આપણા બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ અમલી છે. આ ઉપરાંત બનાસ બેંક દ્વારા ઉચ્ચ શિક્ષણ અને વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવે છે ત્યારે તેનો લાભ લઈ સુખી- સમૃદ્ધ અને શિક્ષિત સમાજનું નિર્માણ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

ખસા ગામની આંગણવાડીના ખાતમૂહર્ત પ્રસંગે ઉપસ્થિત બનાસ બેંકના ચેરમેનશ્રી અણદાભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજ્ય સરકાર લોકોને સામેથી યોજનાઓની સહાયના લાભો આપે છે. તેમણે કહ્યું કે, ગામનો છેવાડાનો વ્યક્તિ પણ સરકારશ્રીની યોજનાઓથી વંચિત ના રહે તે આ સરકારની નેમ છે. ચેરમેનશ્રીએ કહ્યું કે બનાસ બેંકના માધ્યમથી ખેડૂતો અને ગરીબોને મદદ કરી આર્થિક રીતે સધ્ધર બનાવવા છે.

આ પ્રસંગે અગ્રણીઓ સર્વશ્રી ઈશ્વરભાઈ પટેલ, હરગોવનભાઈ શીરવાડિયા, અમીભાઈ દેસાઈ, હંસપુરી ગોસ્વામી, અનુભા વાઘેલા, દિનેશભાઈ, અશોકભાઈ, તાલુકા પ્રા. શિક્ષણાધિકારીશ્રી ભરતભાઈ ચૌધરી, બી.આર.સી.કો-ઓર્ડીનેટરશ્રી જલાભાઈ દેસાઈ સહિત અધિકારીઓ-પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લાંબા સમયથી ચાલતી પાલનપુરના રેલવે ઓવર બ્રિજને ઊંચો કરવાની કામગીરીમાં આવેલો વેગ



પાલનપુર તા. ૫

પાલનપુર રેલવે ઓવરબ્રિજ એક તરફ થી ઉંચો થઈ ગયા બાદ બીજી તરફ ઉંચો કરવા માટેની કામગીરી ચાલી રહી છે જેમાં છેલ્લા કેટલાક દિવસોથી ટ્રેનની અવર-જવર વચ્ચે ઓવરબ્રિજની વચ્ચોવચ ભારે તકેદારી અને સાવચેતી પૂર્વક ૫૦૦ટન વજનની ક્રેનએ ૧૧ હજાર કિલોની રેલિંગ ઉઠાવવાની કામગીરી ચાલી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બાજુના ટ્રેક પર ભરચક ટ્રાફિકની અવરજવર વચ્ચે ભારે ભરખમ કોક્રીટ રેલિંગ ઉઠાવી સાઈડમાં મુકાઈ હતી. રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું કે જોખમી કામ માં પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે ચાલુ કામ દરમ્યાન નીચે ચાલતી ટ્રેન અંગે સલામતીનું વિશેષ ધ્યાન રખાયું છે. મોટાભાગે જ્યારે ટ્રેનોની અવરજવર બંધ હોય છે તે જ સમયે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

# ડીસા કૉલેજમાં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે સૂર્ય નમસ્કાર કાર્યક્રમ



ડીસા, તા. ૫

ડી.એન.પી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસાના સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટમાં વર્ષ દરમ્યાન અનેક રમતોનું આયોજન સફળતા પૂર્વક યોજાતુ હોય છે એમ આજે ડીસા કોલેજમાં આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત ૭૫ કરોડ સૂર્યનમસ્કાર અભિયાન ભારત અને ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે . જેમાં ડીસા કોલેજના સ્પોર્ટ્સ/એન.એસ.એસ/ એન.સી.સી, આર્ટસ, કોમર્સના તથા બી.સી.એ, બી.એસ.સી અને સરદાર પટેલ સ્કુલના વિદ્યાર્થીઓ તથા સમગ્ર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના મિત્રો મોટી સંખ્યામાં જોડાયા. વિવિધ કોલેજો તથા સ્કૂલના પ્રિન્સિપાલોએ આ પ્રોગ્રામની શુભેચ્છાઓ પાઠવી. મોટી સંખ્યામાં જોડાનાર વિદ્યાર્થીઓને અને આયોજકોને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા.

આ સમગ્ર પ્રોગ્રામનું આયોજન ડીસા કોલેજના સ્પોર્ટસ ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ ડૉ. આર.ડી ચૌધરી તથા એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ.તૃપ્તિબેન પટેલે કર્યું હતુ .અને તમામ સ્ટાફ મિત્રોએ પ્રોગ્રામમાં ખુબજ સહકાર આપ્યો હતો.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સૂસવાટા મારતા પવનથી રાયડાનો પાક ચત્તાપાટ

### પવનના કારણે દિવસ દરમ્યાન ઠંડીનું જોર હાવિ રહ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

પાછલા બે દિવસમાં સવારથી જ જિલ્લામાં સૂસવાટા મારતા પવનથી ઠંડીનું જોર હાવિ રહ્યું હતું. પ્રજા દિવસ દરમ્યાન ગરમ વસ્ત્રોમાં લપેટાયેલી જોવા મળી. કેટલાક વિસ્તારોમાં ભારે પવનના કારણે ખેતરમાં રાયડાનો પાક ચત્તાપાટ થઈ ગયો હતો. જે ખેડૂતોએ સિંચાઈના પાણી મૂક્યા છે તેવા ખેડૂતોની હાલત વધુ કફોડી થઈ છે.

છેલ્લા ૨ દિવસથી રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લીમાં ઠંડીનું જોર ક્રમશઃ ઘટી રહ્યું છે. પરંતુ હવામાન વિભાગે હજુ એક ઠંડીનો આકરો ડોઝ આવી રહ્યો છે તેવી આગાહી કરી દીધી છે. ગત રોજથી ઠંડીનું જોર ઘટ્યું હતું પરંતુ ગુરૂવાર સવારથી જ સૂસવાટા મારતા પવનના કારણે ઠંડી વધુ પ્રભાવક જોવા મળી. ગ્રામ્ય વિસ્તારોમાં પવનના સૂસવાટાના કારણે અનેક લગ્નના મંડપોમાં મુશ્કેલ સ્થિતિ જોવા મળી હતી. તેમજ પવનના કારણે બાયડ, ધનસુરા, માલપુર સહિતના કેટલાક વિસ્તારોમાં રાયડાનો પાક ચત્તાપાટ થઈ ગયો હતો. આ વર્ષે શિયાળા દરમ્યાન ઠંડીની મેરેથોન ઈનિંગથી ઘઉં, બટાકા, રાયડો, જીરૂ, વરીયાળીનું બમ્પર વાવેતર થયું છે. પરંતુ જે રીતે પવનની ઝડપ વધી છે તેના કારણે તૈયાર પાક ચત્તાપાટ થઈ રહ્યા છે. જો કે જે ખેડૂતોએ સિંચાઈનું પાણી મૂક્યું હતું તેવા ખેડૂતો માટે સૂસવાટા મારતો પવન વધુ પાક ઉત્પાદન માટે ઘાતક સાબિત થઈ શકે છે.

# ઈડરમાં મહિલાના બેંક ખાતામાંથી રૂા. ૧૩, ૨૪૩નું બારોબાર ટ્રાન્ઝેકશન

### ડેબિટ કાર્ડની વિગતો મેળવી ગઠીયાએ રોકડ ઉસેડી સાયબર ક્રાઈમનો ઉંચકાતો ગ્રાફ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાયબર ક્રાઈમના ઉંચકાતા ગ્રાફ વચ્ચે ઈડરના રેલવે સ્ટેશન સામે રહેતા દોષી પરિવારની મહિલાના ડેબિટ કાર્ડની વિગતો મેળવી ઓનલાઈન ગઠીયાએ બેક્ર ખાતામાંથી રુ ૧૩, ૬૪૩ની રકમનું બારોબાર ટ્રાન્ઝશન કરી લેતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ઈડર પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

જિલ્લામાં ગ્રાહકોના બેક્ર ખાતામાંથી પસીનાની કમાણી બારોબાર ઉસેડી લેતી સાયબર ગેંગની માયાજાળ ફેલાઈ છે. રોજ કોઈને કોઈ ગ્રાહક સાથે છેતરપીંડી કરી બારોબાર ખાતામાંથી રોકડ રકમ ગઠીયા આસાનીથી સેરવી લેતા હોય છે. ઈડરના રેલવે સ્ટેશન સામે રહેતા જ્યોતિબેન દોષી ઉપર અજાણ્યા મોબાઈલ નંબરથી તા.૨૨ ના રોજ ફોન આવ્યો જેમાં બોલનાર વ્યક્તિએ પોતે ઈ-કોમ એકસપ્રેસ કુરીયરમાંથી બોલે છે તેવી ઓળખાણ આપ્યા બાદ ઉક્તિપૂર્વક મહિલાના ડેબિટ કાર્ડની વિગતો મેળવી લીધી જેમાં વાત થયા પછી અન્ય એક વ્યક્તિએ મીસો કુરીયરમાંથી બોલું છું તેમ કહી બેક્ર ખાતાની ડીટેલ જાણી જેમાં ગણતરીની મીનીટોમાં જ દોષી પરિવારની મહિલાના કેનેરા બેક્રના ખાતામાંથી રૂપિયા બારોબાર ઉપડી ગયા હતા. રોકડ રકમનું દ્રાઝેકશન બારોબાર થઈ જતાં મહિલા ચોંકી ઉઠી અને પોતે સાયબર ગઠીયાઓના હાથે છેતરાયાનું જણાતાં પોલીસને જાણ કરી છે. બનાવ અંગે ઈડર પોલીસે વિશ્વાસઘાત, છેતરપીંડી તેમજ આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

# પ્રાંતિજના પોગલુમાં તસ્કરોનો તરખાટ : એક જ રાત્રીમાં ત્રણ મંદિરોના તાળા ટુટયા

### ચાંદી ના છત્તર સહિત દાનપેટીમા રહેલ રોકડ રકમની ચોરી : અંદાજે ત્રણેય મંદિરો માંથી ૬૦ હજારની ચોરી : ગ્રામજનોમાં ભયનો માહોલ રાત્રીનું પેટ્રોલિંગ સઘન કરવા માંગ

પ્રાંતિજ તા. ૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના પોગલુ ખાતે એકજ રાત્રીમા તસ્કરોએ ત્રણ મંદિર તથા એક કુવાની ઓરડી ના તાળા તોડયા તો મંદિરો માંથી ચાંદી ના છત્તરો સહિત અંદાજે ૬૦ હજાર ની મત્તાની ચોરી તો ચોરીની સમગ્ર ધટના મંદિરોમા લાગેલ સીસીટીવી કેમેરા મા કેદ



પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ શ્રી રામદેવજી ધામ , ખોડીયાર માતા નુ મંદિર અને સ્વામિનારાયણ મંદિર ખાતે ગુરૂવાર ની મધ્ય રાત્રીએ કોઈ અજાણ્યા તસ્કરો દ્વારા એક પછી એક મંદિરો ના તાળા તોડી મંદિરો મા પ્રવેશ કર્યો હતો જેમા સૂત્રોદ્વારા મળતી માહિતી મુજબ રામદેવ પીર ના મંદિર માંથી પાંચ જેટલા ચાંદી ના છત્તરો તેમજ ચાંદીનો મુગટ અને દાન પેટી ચોરી મંદિર સંકુલ પાછળ ઉઠાવી લાવી તેની અંદર થી દાનપેટે આવેલી રકમ ની ચોરી કરી હતી તો ગામમાજ આવેલ ખોડીયાર માતાના મંદિર ખાતે પણ મંદિર ના તાળા તોડી અંદર પ્રવેશ કરી ચાંદીનુ છત્તર અંદાજે દોઢ કિલો અને ચાંદી ના પાદુકા તેમજ દાનપેટી ઉઠાવી મંદિર સંકુલ પાછળ લઈ ગયા હતા અને તેમાંથી રોકડ રકમ ની ચોરી હતી ત્યારબાદ પાસે આવેલા સ્વામિનારાયણ મંદિર મા પણ તાળાતોડી અંદર પ્રવેશ કરી મંદિર મા રહેલ દાનપેટી ઉઠાવી તેમજ મંદિર મા રહેલ કબાટ મા મુકેલ સર સામાન વેરવિખેર રફે દફે કરી નાખ્યો હતો તો મંદિર મા રહેલ દાનપેટી ઉઠાવી મંદિર પાછળ ના ભાગે લઈ જઈ તેની અંદર રહેલ દાનની રકમ ચોરી ગયા હતા તો સમગ્ર ધટના મંદિર મા લાગેલ સીસીટીવી કેમેરા મા કેદ થયા હતા તો ચોરી થઈ હોવાની જાણ મંદિર ના ટ્રસ્ટીઓ દ્વારા પ્રાંતિજ પોલીસ ને કરવામા આવતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ધટના સ્થળે દોડી આવીને મંદિરો મા લાગેલ સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ હાથ ધરી હતી તો ગ્રામજનો મા ભય નો માહોલ જોવા મલ્યો હતો અને પોલીસ દ્વારા રાત્રીનુ પોલીસ પેટ્રોલીંગ સઘન કરવા માંગ ઉઠવા પામી છે.



# પોયડા કોલેજના સંચાલકના માતાનું અવસાન : આજે રવિવારે બેસણું



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ધનસુરા તાલુકાની શ્રદ્ધા બી.એસ.સી., બી.સી.એ. કોલેજ-પોયડાના સંચાલક, બાયડના રહીશ ગગનભાઈ (હરેશ) વજુભાઈ બારોટના માતા મધુબેન બારોટનું દુઃખદ અવસાન થતાં બાયડ શહેર તેમજ બ્રહ્મભટ્ટ સમાજમાં શોક છવાયો છે. આજે તા.૬ ફેબ્રુઆરી, રવિવારે તેમના નિવાસસ્થાને સવારે ૯-૦૦ થી ૩-૦૦ બેસણું રાખેલ છે.


## જન્મદિને વધામણી



ડો. મૌલિકાબેન પ્રકાશભાઇ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી



હેમંતભાઇ જે.પટેલ
સંગઠન મંત્રી, બાયડ શહેર ભાજપ
બાયડ જીલ્લો અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન